## પ્રકરણ ૫

## ઉદ્દામ મનોવલણ વ્યકત કરતી ૧૯મી સદીની કેટલીક કૃતિઓ

ઉદ્દામ સુધારાવાદીઓ અને સંરક્ષક મતવાદીઓ ૧૯મી સદીના ગુજરાતમાં સમયના એકજ ગાળામાં પ્રવૃત્તિ કરતા હતા. એ જ રીતે, ગુજરાતી કવિતાક્ષેત્રે રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણમાં વિનીત વલણ ધરાવનારા તેમજ પ્રમાણમાં ઉદ્દામ વલણ અખત્યાર કરનારા કવિઓ સમયના એક જ વિભાગમાં સર્જનપ્રવૃત્તિ કરી રહયા હતા. કયારેક તો એક જ કવિની કૃતિમાં આ બન્ને પ્રવાહો સમાંતર વહયે જતા દેખાય છે. એ નોંધપાત્ર ગણી શકાય કે ગુજરાતમાં રાજકીય જાગૃતિની ફૂટેલી સર્વપ્રથમ ટશર ઉદ્દામવાદી વિચારણાના રંગવાળી છે. ઇ.સ.૧૮૪૪માં પડેલા મીઠાના કર અંગે સૂરતમાં મળેલી સભામાં દુર્ગારામ મહેતાજીએ કહેલાં વચનોમાં રાજ્ય પ્રત્યેના વિદ્રોહનો સ્પષ્ટ રણકો સંભળાય છે: "રાજા પ્રજા ઉપર જુલમ કરે તો પ્રજાએ રાજા સાથે લડીને, રાજાને શિક્ષા કરીને રાજ બીજાને સોંપવું. જો રાજા પોતે જ પ્રજાને દુ:ખી કરવા ધારે, તો પ્રજાએ પોતાના હાથનું બળ રાજાને બતાવવું."[૧]

દેશજનોની હિતચિંતાના વિષયમાં ઉદ્દામ મનોવલણ અખત્યાર કરનાર આટલા લેખકોની કૃતિઓ મળે છે. :૧: પુરુષોતમ કહાનજી ગાંધી: "સ્વદેશાભિમાન" :૧૮૮૩:, :૨: ભવાનીશંકર નરસિંહરામ "હિંદુસ્તાનના વાજબી હક" :૧૮૯૩, :૩: ઇડરના કવિ નીલકંઠ જીવતરામની બે કૃતિઓ "નીલકંઠ કવિતા" :૧૮૭૮: તથા "કાવ્યકમલાકર" :૧૮૯૭: :૪: શેઠ વલ્લભદાસ પોપટ-"સુબોધચિંતામણિ" :૧૮૮૨: તથા "દૃષ્ટાંતચિંતામણિ" :૧૮૮૪: :૫: દ્વિવેદી બુલાખીરામ ચકુભાઇ "કાવ્યકૌસ્તુભ" ભા.૧ :૧૮૮૪: તથા ભા ૨.:૧૮૮૫:, કહાનજી ધર્મસિંહનું નામ પણ ઉલ્લેખનીય ગણી શકાય. અહીં

કાવ્યકૃતિઓનો અનુક્રમ વિષયવિચારણાના સામ્યની દૃષ્ટિએ તથા એક જ કર્તાની બે કૃતિઓ મળતી હોય તો એની સાથે ચર્ચા કરવાની દૃષ્ટિએ ગોઠવ્યો છે.

આમાંની પહેલી બે કૃતિઓ પદ્યકૃતિઓ નથી. "સ્વદેશાભિમાન"નામે સુદીર્ઘ નિબંધગ્રંથમાં વચ્ચે વચ્ચે પદ્યપ્રકિતઓ મૂકવામાં આવી છે, જ્યારે હિંદુસ્તાનના વાજબી હક" માં ગ્રંથકર્તા શરૂઆતમાં પદ્યપંક્તિઓ મૂકે છે અને પછી એનું ગદ્યમાં વિવરણ કરે છે. ઉદ્દામ વિચારણાનો એક લાક્ષણિક નમૂનો "સ્વદેશાભિમાન" ગ્રંથમાં મળે છે. ઉદ્દામ વિચારસરણિની ભૂમિકા સમજવા માટે પુરૂષોત્તમ ગાંધીના ગ્રંથનો પરિચય મેળવવો આવશ્યક ઠરે છે. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇની "હિંદ અને બ્રિટાનિયા" :૧૮૮૫: નવલકથાના વિચારો સાથે પ્રસ્તુત ગ્રંથના વિચારોનું સામ્ય નોંધવાનું જ્યાં જરૂરી જણાય ત્યાં એમ પણ કર્યું છે.

પરદેશી કારીગરી અને ભારે પગારના પાર વગરના પરદેશી નોકરો-થી લેખકને દેશ નીચોવાઇ જતો લાગે છે. ભારતના મુખે લેખક એથી આવી વાણી ઉચ્ચારાવે છે: "મારા પર હમણાં ૬૦,૦૦૦ ઇંગ્રેજો જુદે જુદે સ્વરૂપે રાજ ચલાવે છે અને મારા ૨૫,૦૦,૦૦,૦૦૦ માણસોને જેમ હંકાય તેમ હાંકે છે. અનેક જાતના રાક્ષસી ખરચ ગેરવાજબી રીતે મારી પાસેથી હમેશાં લેવામાં આવે છે.": સરખાવો: "લૂટારા દેશ લૂટે તો રાજદ્રોહી ગણાય, પણ વિજયી રાજા જીતાયલા દેશને લૂટે કે લૂટવા દે તો તેની કોણ ખામી કહાડી શકે છે?" - "હિન્દ અને બ્રિટાનિયા", આ. ૪થી, પૃ. ૧૪:

પુરૂષોતમ ગાંધી આગળ લખે છે: "બાદશાહ ત્યાં બજાર", તેમ પરદેશી રાજ્યથી અનેક આકારમાં આ દેશનું નાણું વિદેશ જાય છે." અંગ્રેજોએ ભારતમાં સ્થાપેલી સુલેહશાંતિનું આપણા કવિઓએ ખૂબ ગૌરવ કર્યું છે. પરંતુ એની બીજી બાજુ વિશે એ સમયે ક્રાન્તિકારી ગણાય એવા વિચારો ગાંધીએ રજૂ કર્યા છે. "સલાહશાંતિ ઠીક છે. તેથી આ કહેવાત લાગુ પડે છે કે "સૂખે રહેવું અને ભૂખે મરવું." અહીં ઇચ્છારામની કૃતિમાં હિન્દદેવીને મુખે ઉચ્ચારાએલાં વચનો યાદ આવે છે: "સુખે પેટ ભરવું અને નિરાંતે ઉંઘવું, એ

કાંઇ, બ્રિટાનિયા, મનુષ્ય જાતનો.. ઉંચામાં ઉંચો સાર્થક કરનારો હેતુ નથી" –પૃ.૧૭. "હમણાં... કોઇની પાસે દોલત નથી, ત્યારે તેની સલામતી છે." પૃ.૨૮. "જ્યારે એક મુડદાલ કૂતરો વાઘના મ્હોંડા પર થુંકે તેવા વાઘના સમયમાં બકરૂં પણ પોતીકું પરાક્રમ દેખાડાવે ! બ્હેન બ્રિટાનિયા! વાઘ તો ક્યારના જતા રહયા. હવે તો માત્ર બકરાં જ રહયાં છે, તેવા સમયમાં એક આરે સર્વ પાણી પીએ તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?" પૃ.૪૨. "એકારે પાણી પિયે, જ્યાં બકરીને વાઘ" (દલપતકાવ્ય,ભા.૨,પૃ.૩:),એવી દલપતરામે કરેલી અંગ્રેજપ્રશંસાનો ઇચ્છારામે પોતાના વિધાનમાં જવાબ વાળેલો હોય એવું જણાય છે.

ગાંધી નોંધે છે કે દેશાભિમાનનો અર્થ તુમાખી કે પતરાજીપણું કરવાનો નથી. દેશની કેટલીક ખામીઓ પણ એમણે ચીંધી બતાવી છે. ભારતીય ભાષા-ઓનાં વર્તમાનપત્રો ઉપર અંકુશ મૂકતો લૉર્ડ લિટને કાયદો કર્યો, એના પાયામાં વાણીસ્વાતંત્ર્યનો બેજવાબદાર ઉપયોગ કારણભૂત હતો, એમ એ સ્પષ્ટ કરે છે. એ સમયનાં વર્તમાનપત્રોનાં લખાણોમાંથી ગાંધીએ ટાંકેલા બે નમૂનાઓ નોંધવા રસપ્રદ થઇ પડશે." અગર જો હિંદુસ્તાનમાં ફતેમદ રૂશીઅનનો પગપેસારો થયો તો ઈંગ્રેજોને એક જ અઠવાડિયામાં જીવ લેઇને નાસવું પડે." :"કિરણ":, "હિંદુસ્તાનના દેશીઓ જો કે નબળા પડી ગયા છે તથા તેમનાં હથીઆર છોડી દીધાં છે, તો પણ જો દેશીઓ એકસંપ થાય તો ઈંગ્રેજોને એક ફૂંકમાં જ ઉડાડી મેલે." :"આર્યવૃત્ત":

દેશજનોને ફરજિયાત લશ્કરી તાલીમ આપવાની ગાંધીએ હિમાયત કરી છે. પરંતુ સાથે સાથે એક વ્યવહારવાદીની છટાથી એ કહે છે:"ભરતખંડના જીર્ણોધ્ધાર અર્થે જ આ રાજ આવ્યું જણાય છે." અહીં એનું વલણ ખુશામતખોરનું નથી. વાંચો: "દેશાભિમાન પરદેશી રાજ્યથી દુ:ખાય એ વાત ખોટી નથી, પણ લાંબો વિચાર કર્યા વગર ઉલાળી પગ ભાગવો જોઇતો નથી. હજૂ આપણે સ્વતંત્રતાથી ને સલાહશાંતિ જાળવીને રાજ્ય ચલાવવાને શકિતમાન નથી, માટે આ રાજ્ય હાલ જતું ઇચ્છવું[૦૦] એ ભૂલભરેલું છે." આમ, અંગ્રેજીઅમલ હૃદયથી સ્વીકાર્ય હતો માટે નહિ, પરંતુ તત્કાલીન સંજોગોમાં એ "લેસર ઇવિલ"

---

૦૦ નીચે લીટી મેં દોરી છે.

સિવાય બીજું શકય નહોતું, એટલે સ્પષ્ટ દૃષ્ટિપૂર્વક તથા સાફસમજપૂર્વક એનો સ્વીકાર કરે છે. "ઈંગ્રેજી રાજ્યથી કેટલાં નુકશાન થયાં છે અને થાય છે પણ થોડા લાભને લોભે ઘણા લાભની અવગણના કરવી એ થોડી મૂરખાઈનું કામ નથી." (સરખાવો "હિંદ અને બ્રિટાનિયા"માં સ્વાતંત્ર્યદેવીનાં વચનો: "પરદેશી રાજ્યમાં જેટલું સુખ મેળવી શકે તેટલું મેળવવાની આશા રાખ. બાકી પારકૂં તો સારૂં નથી જ એ મને સારી રીતે માલમ છે.. ડહાપણ શીખ, સલામતી ચાહ, ..સબળ થાય ત્યાંસુધી થોભ અને... યથાર્થ હોય તે જ ઇચ્છ." : પૃ. ૧૪૭:). આ સાથે જ, ગાંધીએ પોતાનો મત ભાસૂરતના મુખે મૂકાયેલી વાણી દ્દારા સ્પષ્ટ કરી દીધો છે: "ઈંગ્રેજ સરકાર મારૂં કલ્યાણ કરવાની બહારથી આતુરતા જણાવે છે, પણ અંત:કરણ તેમ કરવાને ચાહતું નથી." "ગમે તેટલું ભલું રાજ્ય છે, તો પણ એક પરદેશી છે. મુસલમાનો ગમે એટલા પ્રજાને નીચોવતા, (પણ) મુસલમાન રાજકર્તા આ દેશને પોતાનો દેશ માનીને મારા જ વતની થયા હતા."

ગાંધીનું પ્રસ્તુત પુસ્તક, આગળ નોંધ્યું છે તેમ, એ કાળના ઉદ્દામ-વાદી ગણાય એવા લેખકોની વિચારસરણિનો એક લાક્ષણિક નમૂનો પૂરો પાડે છે. એક બાજુથી અંગ્રેજ અમલનો ખુલ્લો વિરોધ, બીજી બાજુથી અંગ્રેજ-પ્રશસ્તિ. આ વલણો દેખીતી રીતે તો પરસ્પરવિરોધી લાગે. એનું કારણ એ લાગે છે કે, લેખકને સત્ય તો કહેવું જ છે, પરંતુ વચ્ચેવચ્ચે : વાજબી કારણોસર: અંગ્રેજપ્રશંસા કરી લઇને, સત્યની ઉત્કટ ધારને વ્યવહારૂતાનો ઓપ ચડાવી લેવા માગે છે. વળી, અંગ્રેજ અમલ ઉપર સીધા પ્રહારો કરી લેવાની તક લેખક પ્રસંગોપાત્ત લઇ લે છે. અંગ્રેજ રાજ્યના જુલમોનો વિરોધ તો કરવો જ છે અને છતાં રાજદ્રોહીમાં નથી ખપવું. એ માટે પોતાના મનના અસલ વિચારોને તત્કાલીન રાજ્યવ્યવસ્થાને સહ્ય અને પથ્ય બને એવા જુદા વળાંકો પ્રસંગોપાત્ત આપણા લેખકો આપતા હોય એવું જણાય છે. આ દૃષ્ટિ-બિંદુએ જોતાં, પ્રસ્તુત લેખકોમાં વિચારનિરૂપણની તાર્કિક સંગતિ નથી કે પરદેશી શાસન વિશેની વિચારણામાં પાયાની એકરૂપતા નથી, એવી પહેલી નજરે છાપ પડવાનો જે સંભવ રહે છે તે માટે અવકાશ નહિ રહે.

ગાંધીના "સ્વદેશાભિમાન" માં નોંધાયું છે કે એ ગ્રંથમાં વચ્ચે વચ્ચે આવતી કવિતાની રચના રા.આત્મારામ નારણજી તથા રા.ભવાનીશંકર નરસિંહરામે કરી છે. આમાં છેલ્લે ઉલ્લેખાયેલા ભવાનીશંકર નરસિંહરામે વિશે નવલરામ પંડ્યાએ કહ્યું છે: સુધારાનું "ચાંચલ્ય" કાઠિયાવાડમાં પ્રવેશ્યું એ પહેલાં જ એમણે કવિતા લખવી શરૂ કરી દીધી હતી. "ગદ્યપદ્ય બંને લખવામાં કાઠિયાવાડ ખાતે પ્રથમ છે, પણ તેને સુધારાનો જ કવિ કહી શકાય, એમ નથી. સુધારા કરતાં સાક્ષરતા તરફ એનું વલણ વધારે છે."[૨]

મહેતા નથુશંકર ઉદયશંકર ધોળકિયાએ "કાવ્યસુધાકર" :ભા.૧, ૧૮૮૮: માં કાઠિયાવાડના જુદા જુદા કવિઓની કવિતાઓનો સંગ્રહ કર્યો છે. એમાં લીંબડીના કવિ ભવાનીશંકરની કૃતિ "મરદ કોણ?" છપાઇ છે:

"હરકત દેશી જનની હરવા, જરૂર હોય ત્યાં જાયે,
નોબત રણવાજાંના નાદે, ખરી ખુશીથી ખેલે
શબ્દ સિંધુડાના સાંભળીને, ડોલરિયો થઇ ડોલે,
સબળ શત્રુને શસ્ત્ર વડેથી, ચાંચડની સમ ચોળે"

મર્દનું સુરેખ તથા ભાવનાથી ધબકતું ચિત્ર ઉપર્યુક્ત પંક્તિઓમાં કવિએ આપ્યું છે. એમની એક કૃતિ "ભવાનીકાવ્યસુધા" :ગ્રંથ ૧, ૧૮૭૮: માં કોઇ ઉદ્દામ વિચારસરણિ જોવા મળતી નથી. કવિનો નોંધપાત્ર ગ્રંથ તો પદ્ય અને પદ્યના વિવરણરૂપે અપાયેલા ગદ્યમાં રચાયેલો "હિંદુસ્તાનના વાજબી હક" :૧૮૯૩: છે. એમાંનાં કેટલાંક પદ્યો પોતાની સર્વપ્રથમ કૃતિ "સંપવિજય" (૧૮૬૮)માં જ છે. ~~માંથી મૂકેલાં છે.~~

ગાંધી તથા ઇચ્છારામના ગ્રંથોની વિચારસરણિની અસર ભવાનીશંકરની કૃતિ પરત્વે જોઇ શકાય. અગાઉના બે ગ્રંથોની જેમ ભવાનીશંકરે પણ ભારત-દેશને પોતાની કથની રજૂ કરતો બતાવ્યો છે. એકાદ સ્થળે અંગ્રેજોના અમલથી ભારતને થયેલા લાભનો નિર્દેશ ભવાનીશંકરે કરેલો છે, બાકી તો અંગ્રેજ અમલનું અન્યાયી સ્વરૂપ છતું કરવાની નેમ એમણે રાખી છે. ભવાનીશંકરે સરકાર સમક્ષ કેટલીક માગણીઓ મૂકી છે: :૧: આયર્લેન્ડને જેમ ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં પ્રતિનિધિત્વ આપ્યું છે તેમ "આર્યલેન્ડ"ને કેમ આપતા નથી? :૨: સિવિલ

સર્વિસમાં ભારતને થતા અન્યાયને દૂર કરો. "દાઢીમૂછ વગરનો એક પોરીઓ" "વિદ્યામાં અને વયમાં આગળ વધેલાં..મારાં બાળકો" ઉપર અધિકાર ભોગવે છે. :૩: અંગ્રેજ સરકાર સ્વાર્થને માટે હિન્દનું રક્ષણ કરે છે, પરમાર્થ માટે નહિ. કેમકે, "મારૂં રક્ષણ ન કરે તો મારો માલિક બીજો બળવાન મહીપતિ થાય." ભારતવાસીઓને બાયલા બનાવવા માટે સરકારે એની પાસેથી હથિયારો ખૂચવી લીધાં છે, એમ કહીને હિન્દને શસ્ત્રસજ્જ બનાવવાનો આગ્રહ લેખક કરે છે. :૪: અંગ્રેજોને "પરદેશી પરોણા તરીકે ...પાદશાહી" કરવાને બદલે -- "વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો" એવો સ્વાર્થી વ્યવહાર રાખવાને બદલે "- પોતાના એકાદ પુત્રને મારા પર રાજ્ય ચલાવવાને" મહારાણી વિકટોરિયા મોકલે, એવો હિન્દને "તાજો" કરવાનો નર્મદને સૂઝેલોતથા એ કાળના લેખકોને રામબાણ જણાયેલો ઉપાય ભવાનીશંકર પણ સૂચવી દે છે.

"ઇડરના કવી", "નિલકંઠ કવિતા (૧૮૯૮)", તથા "કાવ્યકમલાકર" :૧૮૯૭:- ના કર્તા નીલકંઠ જીવતરામને સુન્દરમે "અર્વાચીન કવિતા"માં દલપતસ્કૂલની સાથે મૂકેલાં છે, તે કાવ્યરચનાની દૃષ્ટિએ હશે. પણ એમનું માનસ એકંદરે જહાલ છે. દેશીરજવાડાંઓની જનતાનાં દુ:ખદર્દોને કવિતા દ્વારા રજૂ કરવામાં નીલકંઠ જીવતરામની એક વિશેષતા જોઇ શકાય. દેશીરાજ્યના અંધેર અમલ સાથે અંગ્રેજોના "સરસ શાંતિદા રાજ્ય" ને કવિ વિરોધાવે છે. દેશીરાજ્યના લાંચિયા તથા મદવાળા અમલદારો માટે કવિને રોષ છે, પણ એ રોષમાં જ અંગ્રેજ અધિકારીઓ માટેનું કવિનું માન વ્યક્ત થઇ જાય છે:

"ઉપરથી અંગ્રેજ, ઉરે પરપંચી પૂરા,
પ્રજાસુખ સતન્યાય, તણા તે કરતા ચૂરા"

"એક દેશી રાજમાં ગરીબ ખેડૂતોના પોકાર" કવિતામાં રજૂ કરનાર કવિએ પ્રજાનાં હકકોના રક્ષક તરીકે કામગીરી બજાવી છે. "કાવ્યકમલાકર" :ઇ.સ. ૧૮૯૭: ની પ્રસ્તાવનામાં આ લોકહિતેચ્છુ કવિ નોંધે છે: "..પ્રજાનું હિત કરવામાં અને રાજાનું કલ્યાણ કરવામાં કોઇ કોઇવાર કવિ સાધનભૂત થઇ પડેલાં છે." "સત્યાગ્રહ" નામના એક કાવ્યમાં કવિએ જોશીલી વાણીમાં

એમની ખુમારી અને સત્યપ્રિયતા વ્યક્ત કરેલ છે:

"રાજા રૂઠી જાય કે રૂઠે જ બાદશાહ મોટો,
અધિકારી રૂઠે, તો ય ખરા ભેદ ખોલશું.,
... ...
ઝેર જેવું લાગે જો કે તેથીએ વધારે કટુ
જૂઠને સદાય આ જગતમાંહે રોળશું.
કહે નીલકંઠ બીક તજી સર્વ, પ્રભુ ભજી
મન મોકળેથી નિત્ય સત્ય વાત બોલશું."

નીલકંઠ જીવતરામે "સ્વતંત્રતા" નામે કાવ્ય લખ્યું છે, પણ રાજકીય અર્થની સ્વતંત્રતા એમને અભિપ્રેત નથી, તે નીચેના ઉદાહરણ ઉપરથી જણાશે:

"મીરાંએ તજી દીધું રાજ, એ પ્યારી સ્વતંત્રતા કાજ,
પ્રતાપરાણો જંગલ ફરે, પણ સ્વતંત્રતા ન પરહરે".

મહુવાના શેઠ વલ્લભદાસ પોપટની "સુબોધચિંતામણિ" :૧૮૮૨: ની કવિતા વાંચી નવલરામ પંડયા ઘણા જ સંતુષ્ટ થયેલા. કચ્છ-સૌરાષ્ટ્ર સિવાયના ગુજરાતના ૧૮૬૦-૧૮૬૫ ના સુધારાનો કવિ જો નર્મદ હતો, તો નવલરામ પંડયાના મતે "કાઠિયાવાડના સુધારાનો કવિ આ શેઠને જ ગણવો જોઇએ" [3] એ જ આદ્ય વિવેચકના અભિપ્રાયે "સુબોધચિંતામણિ" એટલે "કાઠિયાવાડના આધુનિક સુધારાનું બૈબલ." [3-અ] વલ્લભદાસે પ્રજાને શૌર્ય ચડાવનારા ચાબખા લખ્યા છે. એ વિશે કવિ જ ખુલાસો કરે છે: "શૌર્ય ચડાવનારા ચાબકામાં ડાહી સરકાર સાથે ભીડવું એવો ભાવાર્થ નથી. કુધારા સામે ભીડવું જોઇએ." સંસારસુધારાથી દેશોત્કર્ષ કરવાનો કવિનો મનોભાવ છે.

આપણા લગભગ બધા જ કવિઓ ભારતના ભવ્ય ભૂતકાળ તરફ વારંવાર વળે છે. એની પાછળ બે હેતુઓ હોઇ શકે: વર્તમાન ભારતની અગૌરવાસ્પદ સ્થિતિ વિશે કંઇક આશ્વાસન ભૂતકાળના રમ્ય ચિત્રમાંથી મેળવવું - પંડિત નેહરૂ આ વૃત્તિને "Compensatory delusion" [4] કહે છે. - તથા ભૂતકાળના ભારતના રિધ્ધિસિધ્ધિભર્યા સુખદ ચિત્રમાંથી વર્તમાનકાળમાં કાર્યની નવપ્રેરણા મેળવવી. આવા જ કંઇક ભાવપૂર્વક વલ્લભદાસ કહે છે:

"દેશવિદેશ વિષે પડયો, હળવો હિંદુસ્થાન,
હા પૂર્વે કેવો હતો, ખરે સ્વર્ગ સમાન,
હાયં આંજે કેવો હેરાન.

... ...

"હાય ! ભરતખંડ હાય રે ! ઉકળે અંગ રૂધિર,
પૂર્વ સમય સંભારતાં, નથી રે'તી હૃદયમાં ધીર."

આવી અવનતદશામાં અંગ્રેજો આવ્યા:

"આ વખતે અંગ્રેજનું, ભલું કરે ભગવાન,
જેણે સોંપી સ્વતંત્રતા, વળી દીધું વિદ્યાનું દાન."

નીલકંઠ જીવતરામની જેમ વલ્લભદાસને પણ "સ્વતંત્રતા" શબ્દ દ્વારા દેશનું રાજકીય સાર્વભૌમત્વ અભિપ્રેત નથી લાગતું. સ્વતંત્રતા એટલે કુધારાનાં તથા અજ્ઞાનતાંના બંધનોમાંથી મુક્તિ, સ્વતંત્રતા એટલે સુખસલામતી - ચોરડાકુઓના ભય સામે રક્ષણની બાંહેધરી, - આવો અર્થ ૧૯મી સદીના કવિઓનાં મનમાં રમે છે.

સ્પષ્ટવકતૃત્વ એ કવિ વલ્લભદાસની કવિતાનો મોટો ગુણ છે. એ ગુણ "સુબોધચિંતામણિ" કરતાં પણ અધિકાંશે કવિની બીજી કૃતિ "દૃષ્ટાંત-ચિંતામણિ" :૧૮૮૪: માં જણાય છે. વાસ્તવમાં, નવલરામે "સુબોધચિંતામણિ" માટે જે શબ્દો પ્રયોજ્યા છે એ "દૃષ્ટાંતચિંતામણિ" માટે વધુ ઉપયુકત ઠરે એમ છે: "જૂસ્સો- સાચા અંત:કરણનો જુસ્સો - ઉભરાતો ઉછળતો જુસ્સો- જે પોતાના સત્યસ્વરૂપમાં તલ્લીન થઇ ગયેલો છે અને બીજાને કેમ લાગશે તેની પરવાહ રાખતો નથી, એવો સ્વયંપ્રકાશ સાચા દિલનો જૂસ્સો..ભાઇ વલ્લભદાસના કાવ્યની સઘળી મોહની આ જુસ્સામાં જ રહેલી છે...વલ્લભદાસ પોપટ શેઠને અમે જાહેર રીતે કવિપદ આપીએ છીએ."[૫] નીડરતા અને સ્વતંત્ર મિજાજના પ્રગટીકરણમાં નર્મદને પણ કોરાણે બેસાડે એવો આ કવિ છે.

"સુબોધચિંતામણિ" માં બે જ વર્ષ પૂર્વે "આ વખતે અંગ્રેજનું, ભલું કરે ભગવાન... નિકર આવત કયાંથી ભાન, હજુ હોત હેવાન સમાન" એમ કહેનાર કવિ "દૃષ્ટાંતચિંતામણિ" માં અંગ્રેજ સરકાર વિશે એવા આકરા

ઉદ્ગારો કાઢે છે કે એના વિચારના વિકાસ વિશે આશ્ચર્ય થયા વિના રહે નહિ. વલ્લભદાસનું "અંગ્રેજ સરકાર" કાવ્ય એના સ્પષ્ટવકતૃત્વ તથા ગ્રંથશીર્ષકને સાર્થક કરતી દૃષ્ટાંતશકિત માટે વિગતે નોંધવા જેવું છે:

" હક દેશું લાયક બનો, એ સરકાર નિમિત્ત,
પુત્ર થાઓ મોટા પછી, પરણાવશું ખચિત,
દેશી ન્યાય ન કરી શકે, અંગ્રેજોનો આજ,
બડે બાપકે પૂતકો, સર્વ કહે મહારાજ.
હિન્દ બ્રિટનના હક જુદા, એક દાસ ધણી એક,
જમવામાં જગલો અને, કુટવે ભગલો છેક.
ઘસાવે ઘણી ઝીણી વાતમાં, એજ ખૂબી અંગ્રેજ,
પાંચશેરી મૂકી કોથળે - હણે વણિક પણ સ્હેજ.
નબળા નૃપ જીતી ઈંગ્લીશે, હિંદ કર્યું નિજ હાથ,
જ્યમ સો ઉંદર મારીને, બેઠી બિલાડી પાટ.
કાબુલ મિસર લડાઇનો, ખર્ચ હિંદને માથ,
ખાય ભીમ શકુની હગે, એજ અદલ ઇન્સાફ !
ગ્લેડસ્ટોનથી પણ વધુ, વાઇસરોય પગાર,
ઘરમાં ધા દેવો ન પરભાર્યું પોણાબાર !
બળીઆના બે ભાગ અહીં, દુનીઆમાં દેખાય,
પાર્લામેંટ છે કાનડે, નહીં હિંદમાં હાય ! "

ઉપરનાં દૃષ્ટાંતોમાં ક્યાંક પ્રાકૃતતા દેખાય છે, પણ "હિંદીઓ પહેલાં લાયક બનો, પછી હકક આપીશું" એવી અંગ્રેજોની દલીલની પોકળતા કવિએ નિર્દયતાપૂર્વક પ્રગટ કરી આપી છે. (વિશેષ માટે જુઓ પ્રકરણ પરિશિષ્ટ ૨) ન્યાયનીતિનો દેખાવ એ તો અંગ્રેજોનો દંભ છે, એમ કવિ કહી શકે છે. આંતરિક કુસંપથી નબળા પડેલા હિન્દને અંગ્રેજો જીતી શકયા હતા, પરંતુ શકિતશાળી શત્રુ આગળ અંગ્રેજો કેવા નિર્બળ દેખાય છે, એનાથી કવિ અજાણ નથી:

"દુનીઆમાં દેખાય છે, બળીઆના બે ભાગ,
અંગ્રેજો કાબૂલીથી કાયર, પણ અહીં વાઘ.

હિંદ મરે ગરીબાઇમાં, નથી બ્રિટનને ઓય,
દીવાળુ ન દલાલને, ખાતર મસીદે ન્હોય.
. . . . . . . . .
રાજ્ય વિદેશી સ્વદેશીથી, અતિ સુખદાય ન થાય,
ઓરમાન મા ને સગીમામાં ફેર સદાય."

માત્ર વિદેશી સરકારનો દોષ જોવાનું કવિનું વલણ નથી. પ્રજામાં જ જ્યાં જાગૃતિ ન હોય ત્યાં વિદેશી રાજ્યને નિભાવવું જ પડેને?" [૬] "દઉં શું દોષ સરકારને, નથી પ્રજામાં તેજ." થોડે ઝાઝું રીઝી જવાની હિંદીઓની પામરતા ઉપર કટાક્ષ કરવાનું કવિ ચૂકતા નથી:

"મલ્યે જરા હક હિંદુઓ, કરતા શોરબકોર
કૂશકાથી રળીઆત જ્યમ, થાય દૂબળું ઢોર."

કાવ્યના અંતભાગમાં અંગ્રેજો પાસેથી સહાનુભૂતિની યાચના કરવાની સાથે અંગ્રેજોને ગર્ભિત ચેતવણી પણ કવિ આપી દે છે:

"બસ કર હવે બ્રિટાનીઆ, ભૂંડા હિંદ હવાલ,
રે ! મુઇ માને ધાવવું, પછી એમાં શો માલ?
બ્રિટન દયા કર હિંદ પર, નિકર ડહાપણ ધૂળ,
સુજ્ઞ કદી કાપે નહિ, મીઠાં ઝાડનાં મૂળ.
દયા રાખ બ્હાદૂર બ્રિટન, બૂરા હિંદના હાલ,
બહુ તાંનું બળિયું બને, નથી ઝાઝામાં માલ."

"નથી ઝાઝામાં માલ", આ છેલ્લી પંક્તિમાં એ સંજોગોમાં શક્ય હતી એવી ગર્ભિત ચેતવણી કવિએ બ્રિટન સામે ઉચ્ચારી છે.

"કાવ્યકૌસ્તુભ" ભા. ૧ :૧૮૮૪: તથા "કાવ્યકૌસ્તુભ" ભા. ૨ :૧૮૮૫:- ના કવિ દ્વિવેદી બુલાખીરામ ચકુભાઇની ઉત્કટ સ્વદેશપ્રીતિ ધ્યાનપાત્ર ઠરે એવી છે. બંગભંગની લડત વખતે દેશને સ્વદેશીનો મંત્ર અપાયો હતો. એ પહેલાં છેક દલપતરામના સમયથી ગુજરાતના કવિઓ પોતાની રીતે સ્વદેશીનો પુરસ્કાર કરતા હતા. "વાસીદે સાંબેલું"જાય કાવ્યમાં બુલાખીરામ કહેછે: -

" આણી સ્વદેશનું અભિમાન, ધર્યું સ્વદેશી પર નહિ ધ્યાન
દેશ ઠગારા તાજા થાય, વાસીદે સાંબેલુ જાય !"

અંગ્રેજરાજ્યઅમલનો પ્રભાવ કયારેક પ્રકૃતિવર્ણનનાં કાવ્યોમાં પણ ચમકી જાય છે, તેનું એક ઉદાહરણ દલપતરામમાં આપણે જોયું. અંગ્રેજોનો પ્રભાવ કેવાં કેવાં ક્ષેત્રોમાં વિસ્તરેલો હતો એના એક ઉદાહરણ તરીકે બુલાખીરામના "કવિધર્મ" ની ચર્ચા ધ્યાનમાં લેવા જેવી છે. "દેશને વિશેષ બેશ જેહ લાભકારી છે," એજ બુલાખીરામને મન સાચો કવિ. પરંતુ "સ્વદેશના હિત સારૂ સહાય કરતા" કવિઓ બુલાખીરામને ભારતવર્ષમાં દેખાતા નથી. આજે "કૂકવિઓ" કવિતાદેવી ઉપર મનસ્વી અત્યાચાર કરી રહયા છે, પણ સર્વક્ષેત્રે પ્રભાવ પાડનાર અંગ્રેજો અહીં કેમ ચૂપ છે, એવો પ્રશ્ન બુલાખીરામે પૂછયો છે:

"કૂકવિને કાયદો બળાતકારનો ન લાગે,
ત્યાં ઇ અંગરેજ તણો એ તે કેવો ન્યાય છે? !"

ઉદ્દામ મનોવલણ તથા રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણની દૃષ્ટિએ "કાવ્યકૌસ્તુભ" નો બીજો ભાગ મહત્વનો છે. એનાં "સ્વદેશવાત્સલ્ય"નાં કાવ્યોમાં કવિના હૃદયદ્રવ્યનો ઉકળાટ અનુભવાય છે. રાજ્યસત્તા વિશેના વિચારોના પ્રગટીકરણમાં કવિની હિમ્મત દાદ માગી લે તેવી છે. કવિની વાણી અશિષ્ટ પણ જોમવંત છે. કવિએ એક પ્રશ્ન પૂછયો છે: "સ્વદેશ જો સંકટ સ્વલ્પ પામે, આ આવશે અંગજ કોણ કામે?" આ પંકિત "સિધ્ધહેમ"ની પેલી પ્રખ્યાત ઉક્તિનું સ્મરણ કરાવે એવી છે:

"પુત્તે જાએ કવણુ ગુણુ અવગુણુ કવણુ મુએણ
જા બપ્પીકી ભૂહડી ચમ્પિજ્જઇ અવરેણ."

દેશજનોમાં એકતા હોય તો દેશનું કલ્યાણ થાય, એ વાત નર્મદયુગના કવિઓએ વારેવારે કહી છે. "સ્વરાજ્યભક્તિ" કાવ્યમાં કવિ કહે છે:

"બધા જનો ઐકયપણું બતાવશે, અરે પ્રભુ એ કદી દિન આવશે !!!
બીજા બધા દેશ સ્વતંત્ર છે સુખી, અને રહયો હિંદ જ એકલો દુ:ખી,
સ્વતંત્રતા તે સઘળી સ્વીકારશે, અરે ! પ્રભુ એ. . . ."

"કલમછત્રીશી" કાવ્યમાં કવિએ લખ્યું છે:

"કાચું સોનું પાકે એવી પૃથ્વી પરવશ પડી,
લાયક સ્વતંત્રતા તો સ્હેજમાં લૂંટાઇ ગઇ !"

વેપારીઓના વેશમાં આવેલા અંગ્રેજોના સાચા સ્વરૂપને ઓળખી ન શક્યા અને તેથી પરતંત્ર થયા, એનો કવિને અફસોસ રહ્યો છે. દેશ વિશેના કવિના જુદા જુદા ઉદ્‌ગારોમાંથી કવિનું દેશની પરાધીનતા વિશેનું દુ:ખ અછતું રહેતું નથી.

અંગ્રેજો વિશે ઉચ્ચારાયેલી બુલાખીરામની વાણી પ્રમાણમાં ઘણી તીખી છે. અંગ્રેજોને એ "વાંદર" કહે છે. "પ્રદેશી તીડ" કહે છે ને "જાંગલા" પણ કહે છે: "અને ચઢયાં વાંદર જે વિદેશી, સ્વદેશની દાઝ ધરો સ્વદેશી". એ કાળના ઘણા જાગૃત કવિઓ બ્રિટનનાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, આયર્લેન્ડ જેવાં સંસ્થાનોની સ્થિતિ સાથે ભારતની સ્થિતિની તુલના કરે છે. એ સંસ્થાનો-ની તુલનામાં ભારતીય અવદશાનું ચિત્ર આપીને ભારતને અંગ્રેજો વડે થતો અન્યાય છતો કરવાની એમની નેમ છે. એ જમાનામાં પ્રસિધ્ધ બનેલી અસરકારક કહેવત "બાદશા ત્યાં બજાર" નો પ્રયોગ કરી બુલાખીરામ કહે છે:

"નૃપો અગૌના હિંદમાં, વસતા સહવિસ્તાર
ત્યારે તાજી ભૂમિ હતી, બાદશા ત્યહાં બજાર
. . . . . . . . .
હસતા હિંદુસ્તાનનો, વહી ગયો વેપાર,
લંડન લક્ષ્મી છિળે, બાદશા ત્યહાં બજાર."

બુલાખીરામને પણ એમના સમકાલીન કવિઓના જેવી મુગ્ધ શ્રધ્ધા છે કે વિકટોરીઆનો કોઇ વંશજ અથવા રિપન જેવો કોઇ ભારતવત્સલ રાજકર્તા કાયમને માટે અહીં જ મૂળ નાખીને રાજ્ય કરવા માટે વસી જાય તો દેશમાં બધાં રૂડાં વાનાં થઇ જશે. કોઇ બ્રિટિશ રાજ્યકર્તા અહીં સ્થિર થાય તો પણ, ઉદારતાના સ્વાંગ નીચે રહેલું બ્રિટિશ શાહીવાદનું શોષણખોર સ્વરૂપ તત્વત: બદલાય એમ નહોતું, એનો એમને સ્વાભાવિક રીતે જ એ જમાનામાં ખ્યાલ નહોતો.

બુલાખીરામની રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ "સ્વદેશબંધુનું કર્તવ્ય" એ કાવ્યમાં પડેલું છે. માત્ર પોતાના કુટુંબનું જ જે પોષણ નથી કરતા, પણ સમસ્ત દેશની જે ફિકર રાખે છે તે, કવિના મતે, સાચા સ્વદેશભક્ત:

"કાં હિંદુ કે પારસી દીનધારી, સ્વદેશના વાસી પુરૂષનારી,
તે બ્હેનભાઇ સરખાં ગણે છે, સ્વદેશબંધુતણું કામ એ છે."

હિંદુ મુસ્લિમ પારસીને એક સૂત્રમાં પરોવીને દેશનો અહીં અખંડસ્વરૂપમાં વિચાર કરાયો છે.

"બાયલા રાજપૂત" વિશેનું એક કાવ્ય કવિએ અશિષ્ટ જણાતી વાણીમાં રચ્યું છે. "જેમની તલવાર છાણનો પોદળો પણ કાપવા અશકત છે એવા" રાજપૂતો વિશેનું કાવ્ય અશિષ્ટ કહી શકાય એવા આખાબોલાપણાથી ઊભરાય છે. પરંતુ એ આખાબોલાપણું ભાંડણલીલાની મનોવૃત્તિમાંથી નહિ, પણ કવિની દેશપ્રેમની તીવ્રતામાંથી જન્મેલું છે. બાયલા રાજપૂતોના ચિત્રની પડછે શૂરવીર રાજપૂતોનું એમણે જ આલેખેલું ચિત્ર મૂકી જોતાં મુદ્દો સ્પષ્ટ થશે:

"અરે ગયા કયાં આર્યભૂમિના, રણધીરા એવા રજપૂત?
... ... ...
ખણકે ખાંડાં ખરાં હાથમાં, વસમી શું ચમકે વિદ્યુત."

સુરાજ્ય-કુરાજ્ય વિશે, રાજાના પ્રજા પ્રત્યેના ધર્મ વિશે તથા પ્રજાકીય હકકો વિશે આ સ્પષ્ટવક્તા કવિ ખૂબ જાગૃત છે. એમના સ્પષ્ટવકતૃત્વનું એક ઉદાહરણ:

"ખેંચી વસ્તુ વિદેશીએ, રાખ્યા કરી ગુલામ,
ગણે આર્યને બેવકૂફ, દાઝ્યા ઉપર ડામ."

ઠાલી શી ઠકરાઇ, દાઝ્યા ઉપર ડામ, બાંધી મૂઠી લાખની, અકકલ બડી કે ભેંસ, ગરથ વિનાના ગાંગલા, જેવો દેશ તેવો વેશ જેવી લોકોકિતઓનો કાવ્યરચનામાં ઉચિત વિનિયોગ બુલાખીરામે કર્યો છે. બુલાખીરામની કવિતાના નજરે તરી આવે એવાં બે લક્ષણો છે: જ્વલંત દેશપ્રીતિ તથા દેશપ્રીતિના પ્રગટીકરણમાં નિર્ભીકતા. શાસનકર્તાઓની એ જેટલી ખબર લઇ નાખે છે એટલી દેશવાસીઓની પણ લઇ નાખે છે. કવિની તંદુરસ્ત રાષ્ટ્રપ્રીતિનું આને લક્ષણ ગણી શકાય. દેશજનોની કેટલીક નિર્બળતાઓ પ્રત્યે એમણે કરડા કટાક્ષો કર્યા છે:-

"દો નહિ પામર દેશીને, ઝેર આણવા પાઇ,
વડી ટીપ ભરો વિલાયતે, ઠાલી શી ઠકરાઇ."

\+ \+ \+

"દેશતણી વળી દાઝ, અને ઐકયતા આપણી,
લખતાં આવે લાજ, બાંધી મૂઠી લાખની."

દેશની પરાધીન અવસ્થાનું કવિએ દુ:ખદ ચિત્ર આપ્યું છે:

"ભારે દ્રવ્યની પડી ભીડ, પડિયાં છે પ્રદેશી તીડ,
ઘરમાં ઓરવા નથી ધેંસ, જેવો દેશ તેવો વેશ."

\+ + +

"મેંથી અહીં આપણું તલમાત્ર, બેઠા શિથિલ ગાળી ગાત્ર,
શિરના પારકે કર કેશ, જેવો દેશ તેવો વેશ."

\+ + +

"વિદેશી શુભ પામે અધિકાર, દેશી તો પામે ધિક્કાર
ગોરા કાળે ભેદ ગણાય, પક્ષ વિનાનો પાછો જાય."

સંસારસુધારા અંગેનાં ઉપદેશાત્મક કાવ્યોમાં રાજકીય વિચારણાની ચમક દર્શાવતી પંક્તિઓ વચ્ચે કવિ ક્વચિત્ ગોઠવી દે છે. સૂત્રાત્મક લાગે એવી પંક્તિઓથી આરંભાતા "વખત વખતની છાંયડી" કાવ્યમાંથી એનું એક ઉદાહરણ લઈએ:

"ચોમાસે ભરપૂર, જે જળથી નદી ગાજતી,
ઘટે ઉન્હાળે નૂર, વખત વખતની છાંયડી."

આ પ્રકારનાં ઉદાહરણો વચ્ચે આવી પંક્તિઓ પણ મળી આવવાની:

"દિવ્ય પ્રતાપી દેશ, આર્યખંડ નવખંડમાં,
પડયો પરાધીન વેશ, વખત વખતની છાંયડી."

સ્વદેશી કારીગરીને ઉત્તેજન આપવાની હિમાયત નર્મદયુગના કવિઓએ વારંવાર કરી છે. સ્વદેશીના પુરસ્કારની આદ્યપ્રેરણા દલપતરામની "હુન્નરખાનની ચડાઈ" એ આપી છે. સ્વદેશીનો પુરસ્કાર કરવા ઉપરાંત બુલાખીરામ એક ડગલું આગળ જઈને પરદેશી માલના બહિષ્કારનું સૂચન કરે છે:

"વિલાયતી માલ ન લેશો, વીરા રે વિલાયતી,
... ... ....
ચીજો છે વિદેશી સહુ એ ઠગારી...
... ... ...."

વિલાયતી ચીજો વીર લેજો વિચારી".[૭]

ભુલાખીરામે "કલમછત્રીશી" નામે એક કાવ્ય લખ્યું છે. એમાં કલમ પાસે કવિએ વાણી ઉચ્ચારાવી છે. કવિની એક નજર સમાજસુધારા ઉપર રહેલી છે અને બીજી નજર પ્રવર્તમાન રાજકીય સ્થિતિ ઉપર. બન્નેની વિચિત્ર ભેળસેળ પણ કલમની વાણીમાં જોવા મળે છે:

"સ્વદેશીમાં સંપ તણી શોભાને વધારૂં કે હું,
કટાણા ગાવાનો ચાલ બંધ કરું જાનમાં."

સામાજિક કુપ્રથાઓને દૂર કરવા માટે નર્મદયુગમાં હાસ્યનું હથિયાર ઠીકવાર પ્રયોજાયું છે. ક્યારેક રાજકીય અન્યાયને ખુલ્લો પાડવા માટે કટાક્ષને સાધન તરીકે વાપરવામાં આવેલ છે. "આયેની તો અલ્પ વડો પ્રદેશી પગાર માગે." આ પંક્તિ વિશેની પાદનોંધમાં કવિ સ્પષ્ટતા કરે છે. "ગુજરાતી કલમ સીધી ચાલનારી માટે તેને થોડો પગાર મળે અને કેદખાનું :ગુજરાતી કલમો ભુંગળામાં રાખવામાં આવે છે: ભોગવવું પડે છે, અંગ્રેજી કલમો ઉંધી ચાલે છે માટે મોટા પગાર પામીને ટેબલ ઉપરની ટોચ પર મ્હાલે છે ! ! ! "

અંગ્રેજોએ કાવાદાવા – દગાફટકા કરીને ભારત ઉપર આધિપત્ય જમાવ્યું છે, એવું સ્પષ્ટ વિધાન કરતાં કવિ અચકાયા નથી:

"કલમને કાવતરે પામ્યા પરદેશી પૃથ્વી,
કૂદી અને ક્યારે તલવાર તેણે મારી છે? !!"

આવું કહયા પછી એ કાળની પધ્ધતિ પ્રમાણે કાવ્યાંતે મીઠાશનો મલમપટ્ટો કવિ બાંધવાનાં જ. એમાં બધા અંગ્રેજ અમલદારોમાંથી લોર્ડ રિપનને જુદા તારવવામાં આવે છે. "આ કલમછત્રીશી એ ન્યાઇ અને અપક્ષપાતી ભલા અમલદારના :લોર્ડ રિપનના: વખતે લખવામાં આવી છે", એવી કબૂલાત કરીને કવિ રિપનના અમલની પ્રશંસા કરે છે. રિપન જેવા દીર્ઘદૃષ્ટિવાળા વાઇસરોયે પ્રજાને ઠીક પ્રમાણમાં વાણીસ્વાતંત્ર્ય બક્ષેલું હતું. એની પ્રજાહૃદય ઉપર ઊંડી અસર પડેલી જણાય છે.

અંગ્રેજઅમલના અન્યાયી સ્વરૂપને સ્પષ્ટરીતે દર્શાવતાં હિંદીઓનાં ઉચ્ચારણોને નિભાવી લેવા પાછળ અંગ્રેજોની કઇ દૃષ્ટિ કામ કરતી હશે?

પ્રજાહૃદયના ધૂંધવાટને સતત દબાવી રાખવામાં આવે તો ૧૮૫૭ના જેવો મોટો ભડકો થાય, એ કરતાં મર્યાદિત સ્વરૂપમાં છોને એ ધૂંધવાટ વ્યક્ત થઇ જતો, એવા કોઇ મનોભાવથી અંગ્રેજ અમલદારોએ આપણા કવિઓની પ્રમાણમાં જલદ એવી વાણીને રીઢા મુત્સદ્દીઓની અદાથી પચાવી હશે. પ્રજાહૃદયનો ઉકળાટ હિંસક માર્ગે વળે એના કરતાં જો એ સીધા રાજદ્રોહની કક્ષાએ ન પહોંચતો હોય તો ભલે વાણી દ્વારા એનું આવિષ્કરણ થતું, એવું વિદેશી સત્તાનું વલણ હોય તે સંભવિત છે.

ઉત્કટ દેશપ્રીતિથી ટપકતી વાણી ઉચ્ચારનાર બુલાખીરામના અવસાન સમયે એમના મિત્રોએ ગાયેલું: "જતાં બુલાખી ગુજરાત ઝાંખી". કવિ ન્હાનાલાલે આ વિશે નોંધ્યું છે: "કવિ બુલાખીની કાવ્યખિલાવટ પૂરેપૂરી થઇ ન હતી. પાંત્રીસમે વર્ષે કવિનું દેહાવસાન થયું હતું. ત્હોય કવિની કવિતા જોમદાર, તેજસ્વી, અન્તરના ઉછાળા મારતી હતી.. કવિની કવિતાધારાઓ અન્તરમાંથી ને અન્તર્દાઝમાંથી ઉછળતી." [૮]

આવી જ અન્તર્દાઝથી ઉછળતું એક કાવ્ય કહાનજી ધર્મસિંહે "કહાન-કાવ્ય" :ભા.૧,સૂ.૧૮૯૭: માં લખ્યું છે. મુંબઇમાં ૧૮૯૩ માં થયેલા હિન્દુ-મુસ્લીમ હુલ્લડ પછી એ લખાયેલું. હુલ્લડની ઉશ્કેરણી કરનારું એ પદ છે, એવો આરોપ સરકારે એના ઉપર મૂક્યો હતો. કવિ એ આરોપમાંથી હાઇકોર્ટ સુધી લડીને નિર્દોષ છૂટેલા. :જૂઓ પ્ર. ૮:. કવિની ભાષા એમના ઉત્કટ ભાવાવેગને કેવી તો વશ વર્તે છે, એના ઉદાહરણ તરીકે "ધન્યાશ્રી પદ" એ શીર્ષકે લખાયેલી કવિની કૃતિ વાંચવા જેવી છે. નર્મદના જોસ્સાની અસર પણ એમાં જોઇ શકાય.

પદ – ધન્યાશ્રી

"મરવાથી શું ડરવું,ભાઇ, મરવાથી શું ડરવું. :ટેક:
મોડું વે'લું એક જ વેળા, છે માણસને મરવું,
રોગેભોગેરણસંજોગે, નથી નથી ઉગરવું. – ભાઇ
નિંદાઇ નામર્દ ગણાઇ, પાછું પગલું ભરવું,
એ જીવ્યાથી મરવું સારું, કે સ્વર્ગે સંચરવું. –ભાઇ." ઇત્યાદિ.

રોગેભોગેરણસંજોગે, નથી નથી ઉગરવું" એ પંક્તિમાં ભાવ પાછળ ભાષા ફ્લ ઘસડાતી આવે છે!

૧૯મી સદીના આપણા કવિઓ મુખ્યત્વે વિનીતમતવાદીઓ હતા. એમાં અંગ્રેજ રાજ્યઅમલ વિશે વિચારસરણિની પ્રમાણમાં ઉગ્રતા દાખવનાર તથા મિજાજની સ્વતંત્રતા ધરાવનાર ઉપર્યુક્ત કવિઓનું એક નાનું જૂથ જુદું તરી આવે છે. પૂર્વેના અંધેરવહીવટોથી ત્રાસેલા ભારતવાસીઓ અંગ્રેજોના રાજ્યઅમલથી પ્રારંભમાં સંતુષ્ટ થયા હતા. વિકટોરિયાના ઢંઢેરાએ અંગ્રેજોના ન્યાયી વહીવટ વિશે મોટી આશાઓ પણ જન્માવી હતી. પરંતુ ધીમેધીમે પ્રજાના શિક્ષિત અને જાગૃત વર્ગ સમક્ષ અંગ્રેજ અમલનું અન્યાયી પાસું સ્પષ્ટ થતું ગયું. કાળાગોરાના ભેદભાવ દાખવ્યા વિના રાજ્યવહીવટમાં ભારતવાસીઓને સમાન તક આપવામાં આવશે,' એવું ઢંઢેરામાં આપવામાં આવેલું વચન પાળવામાં નહોતું આવતું. આર્થિક દૃષ્ટિએ દેશ અંગ્રેજોને હાથે નિચોવાઇ જતો લાગતો હતો. આવા નાના મોટા અનેક અસંતોષોનો પડઘો કવિતામાં પડે તે સ્વાભાવિક છે.

દેશભાષાનાં વર્તમાનપત્રો દેશને થતા અન્યાયોની ચર્ચા કરતાં થયાં હતાં. રાષ્ટ્રીય અસ્મિતાને જાગૃત કરવામાં ભારતીય ભાષાઓનાં વતમાન-પત્રોએ કિંમતી ફાળો આપ્યો છે. :વિશેષ માહિતી માટે જૂઓ, પ્રકરણ પરિશિષ્ટ - ૨:. પરંતુ લોકજાગૃતિને કચડી નાખવા માટે ઘડાયેલા વર્નાક્યુલર પ્રેસ એકટ તથા આર્મ્સ એકટ લોકોની અંગ્રેજ સરકાર પ્રત્યેની શ્રધ્ધાને વિચલિત કરી રહયા હતા. અફઘાનીસ્તાનનો વિગ્રહ ભારતીય પ્રજાએ આપેલા નાણાંના જોરે બ્રિટિશ સરકારના સ્વાર્થ ખાતર લડાતો હતો. એક પડોશી દેશની સ્વતંત્રતાને કચડી દેવા માટે ખર્ચનો ભારે બોજો ભારતવાસીઓ ઉપર અંગ્રેજો નાખે, એ ઘટના જ શિક્ષિતોને અરૂચિકર નીવડી હતી. આ બધું જનહૃદયની ખૂબ નિકટ ચાલતી તથા તીવ્ર સામાજિક સભાનતા દાખવતી નર્મદયુગની કવિતામાં પ્રતિબિંબિત થયું છે.

અહીં સ્પષ્ટતા કરવી જોઇએ કે પ્રજાહૃદયના અસંતોષને વાચા આપવાનું કામ સંખ્યામાં થોડા પણ પ્રજાજીવનના પ્રભાવક અંશરૂપ :ડોમીનન્ટ માઇનો-રિટી:

એવા શિક્ષિત આગેવાનો બજાવતા હતા. સમગ્ર જનસમૂહ પરિસ્થિતિવશ બનીને વત્તેઓછે અંશે બેચેની અનુભવતો હતો. પરંતુ એ બેચેની પ્રજાહૃદયની ઉત્કટ વિક્ષુબ્ધિમાંથી જન્મતી ક્રાન્તિની કોટિની ન હતી. બીજી બાજુથી, મધ્યકાળમાં દેખાતી હતી એવી દુ:ખનો ટોપલો દૈવને માથે નાખી મહદંશે નિષ્ક્રિય થઇને બેસી રહેવાની મનોવૃત્તિ હવે નથી રહી. પશ્ચિમના સંપર્કને પરિણામે જન્મેલ ઇહજીવનાભિમુખતા તથા બુધ્ધિવાદની અસરો વર્તાવા લાગી હતી. પ્રજાનાં દુ:ખોને પ્રજાકીય આગેવાનો હવે કારણકાર્યની સાંકળમાં જોવા લાગ્યા હતા અને પ્રજાના દુ:ખો માટે દૈવને દોષિત ઠરાવવાને બદલે સરકાર સામે અવારનવાર આંગળી ચીંધતા થયા હતા.

બીજી સ્પષ્ટતા એ કરવી જોઇએ કે ગુજરાતી કવિઓની વિચારસરણિ શ્રી ટિળક કે શ્રી અરવિંદની રાજકીય વિચારસરણિના અર્થમાં ઉદ્દામ નથી. અંગ્રેજો તરફના એ સમયે પ્રવર્તતા કેવળ અહોભાવની સરખામણીએ એમની કવિતા, સાપેક્ષ અર્થમાં, ઘણી ઉદ્દામ છે. આ જૂથના કવિઓની કવિતા સમગ્રતયા વાંચતાં એવી છાપ પડે છે કે "દૃષ્ટાંતચિંતામણિ" ના કવિ વલ્લભદાસ, "હિન્દુસ્તાનના વાજબી હક" ના કર્તા ભવાનીશંકર, "કાવ્યકૌસ્તુભ"-૨-ના કર્તા બુલાખીરામની નજર સમક્ષ સ્વાતંત્ર્યનો ખ્યાલ રહેલો હોય તો આશ્ચર્ય નહિ. ફ્રેંચ તથા અમેરિકન ક્રાન્તિઓનાં પરિણામો બહુ નીડરતાપૂર્વક એ સૌ બતાવે છે. બ્રિટનના શાહીવાદી સ્વરૂપ સામેનો એમનો રોષ જોતાં આપણા મનમાં એવી અપેક્ષા જાગે કે સમગ્ર ચર્ચાવિચારણાને અંતે, "અંગ્રેજોના હાથમાંથી દેશને સ્વતંત્ર કરવો જોઇએ", એવું કોઇ ઉચ્ચારણ થશે. એમની સમગ્ર વિચારણાની તાર્કિક પરિણતિ એવી જ આવવી જોઇએ એવો વાચક તરીકે આપણો ભાવ બંધાય છે.

પરંતુ ચર્ચાની તાર્કિક પરિણતિ વિશેની આવી અપેક્ષા વણસંતોષાયેલી રહી જાય છે. કાવ્યગ્રંથનો અંત તો પારંપરિક અંગ્રેજપ્રશસ્તિવચનોમાં ઉચ્ચારણો દ્વારા આવે છે. બહુ તો, કેનેડા-ઓસ્ટ્રેલિયાનો ઇંગ્લાંડ જોડે જેવો સંબંધ છે એવો હિન્દનો પણ હોવો જોઇએ – હિન્દને આયર્લેન્ડની જેમ પાર્લામેંટમાં પ્રતિનિધિત્વ મળવું જોઇએ – એવી માગણી રજૂ કરાય છે. અંગ્રેજોના હાથમાંથી

દેશને મુકત કરાવવો જોઇએ, એવી એમના હૈયામાં રમતી જણાતી વાતનું હોઠેથી ઉચ્ચારણ થવાનું બાકી જ રહી જાય છે. જોકે, અંતે આવતી અંગ્રેજ-પ્રશસ્તિને કારણે એ ઉદ્દામવાદી વિચારણા નવલરામ પંડ્યા જેવા વિનીતમત-વાદીઓને તથા ખુદ રાજ્યસત્તાને નિભાવી લેવા જેવી જણાતી હશે. "હિન્દ અને બ્રિટાનિયા" નું નવલરામે લખેલું અવલોકન આ સંદર્ભમાં વાંચવા જેવું છે. પ્રસ્તુત નવલકથામાં એ જમાના માટે ક્રાન્તિકારક ગણાય એવા વિચારો રજૂ કર્યાં બાદ, ઇચ્છારામ દેસાઇએ રિપન જેવા ભારતહિતચિંતકને ગાદીએ બેસાડીને નવલકથાનો અંત આણ્યો હતો. એ અંત વિશે નવલરામે રાજી થઇને નોંધ્યું છે: "લોર્ડ રિપનનો સંબંધ જોડી દઇ આ વાતને ઘણું જ શિક્ષણીય તથા મનોહર રૂપ આપી દીધું છે અને તેને માટે... ગુજરાતી પત્રના તંત્રીને ખરેખરી સાબાશી ઘટે છે."[૯]

કૃતિને આવું "શિક્ષણીય..રૂપ" શામાટે આપવામાં આવતું હશે? એ વિશેનો થોડો વિચાર આગળ કર્યો છે. જુદી જુદી કૃતિઓને સમગ્રતયા વિચારતાં જે બે-ત્રણ ખુલાસા સૂઝે છે તે અહીં નોંધી લઇએ. એક તો, અંગ્રેજોના અમલની અનિષ્ટતા હજૂ કવિઓમાં પૂરેપૂરી સ્પષ્ટ નહોતી થઇ. આ એક કાળપરિપાકનો પણ પ્રશ્ન ગણાય. બીજું, અમેરિકા-કેનેડાની સ્થિતિ વિશે ખયાલ હોવા છતાં લોકશાહી સ્વાતંત્ર્યની કલ્પના એ સમયે ભારતીય માનસમાં હજુ પૂર્ણરૂપમાં સાકાર થવી બાકી હતી. ત્રીજું, અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવા જોઇએ એમ કહેવા ધારતા હોય તો પણ, એમ કહેવામાં રાજ્યદ્રોહીમાં ખપી જઇશું એવી વાસ્તવિક આશંકાથી, આત્મસંરક્ષણની વૃત્તિથી પ્રેરાઇને એવી કોઇ માગણી ખુલ્લંખુલ્લા આપણા કવિઓ કરતા નથી ને વ્યવહાર સાચવી લેતા એ સૌ દેખાય છે. વળી, દેશમાંથી અંગ્રેજોને કાઢવા માટેનો સમય પણ પાકયો નથી, એવું કેટલાક યથાર્થદર્શી વિચારકોને એ સમયે સમજાયું હતું. સ્વાતંત્ર્યદેવીના મુખે ભારત પ્રતિ ઉચ્ચારાયેલાં "હિંદ અને બ્રિટાનિયા" નવલકથાનાં વચનો અહીં સૂચક લાગે છે: "સબળ થાય ત્યા સુધી થોભ અને યથાર્થ હોય તે જ ઇચ્છ."

પ્રકરણ પરિશિષ્ટ - ૧

સને ૧૮૭૪માં મુંબઇથી પ્રકાશિત થયેલ એક "અંગરેજ સ્તોત્ર"નો ઉલ્લેખ આ પ્રકરણ સાથે કરવા જેવો છે. ૩૪ શ્લોકના અનુવાદની એ નાનકડી પુસ્તિકા ઉપર એટલું જ છાપ્યું છે કે એની હિંદી ભાષામાં રચના કાશીક્ષેત્રમાં રહેનાર મોહનલાલ વિષ્ણુલાલ પંડયાએ કરી અને એનું ભાષાંતર બાવા કિસનદાસ ઉદાસીએ[oo] છપાવ્યું. પુસ્તિકાનો આરંભ તથા અંત સંસ્કૃતભાષામાં થયેલો છે. આ નાનકડી પુસ્તિકામાં અંગ્રેજઅમલ વિશેનો તથા એ અમલના અંધ ખુશામદખોરો વિશેનો ગજબનો કટાક્ષ રહેલો છે. આપણને એ જેટલો મનોરંજક લાગે, એટલો જ જેને વિશે એ લખાયેલ છે તેને દાહક લાગે તેમ છે. પ્રસ્તુત ભાષાંતરમાંથી નીચે અવતરણો આપ્યાં છે:

"હે અંગરેજો ! તમે શત્રુના દલને હરનાર, કાયદાના કરનાર અને નોકરીના વિધાતા :આપનાર: છો, તેથી હે અંગરેજો ! અમે તમને પ્રણામ કરીએ છીએ... તમે ઈંદ્ર છો, તમે ચંદ્ર છો, ઇનકમટાકસ તમને કલંક છે... હે માનદ ! અમને ટાઇટલ :ખેતાબ: આપો, અમને શિરપાવ આપો... હે ભગતવતસલ ! અમે તમારૂં જૂઠણ ખાવાની ઇચ્છા કરીએ છીએ..તમરા ખુદ હાથના લખેલ એકાદ બે પત્ર બાકસમાં મૂકી રાખવાની સ્પર્ધા કરીએ છીએ. હે અંગરેજો ! તમે અમારા પર પ્રસન્ન થાઓ... હે અંતરજામી !...તમે દાતા કહો એ હેતુથી અમે દાન કરીએ છીએ... તમે વિદ્વાન કહો, એ હેતુથી અમે વિદ્યા ભણીએ છીએ... હે સરવદ ! ..અમને નોકરી આપો, રાજા કરો, રાવબહાદુર કરો, કોંસલિયા કરો,..કદાચિત એવું ન બને તો અમને રાતના ખાણાનું નોતરૂં દો, મોટી મોટી કમેટીના મેંમબર કરો..."

---

oo "હિંદુઓની પડતી" નું અર્પણ જેને થયું છે તે નર્મદમિત્ર કિસનદાસ ઉદાસી આ જ જણાય છે. જૂઓ નર્મદવચનો:

"પરમમિત્ર મુજ કિસન, બાવા ઉપનામ તહારૂં,
નાનક ગુરૂ ગોવિંદ, ઉદાસી પંથ ચારૂ."

"લશ્કર અને પોલીસ તમારી ભુજા છે, અમલ તમારા નખ છે, અંધેર તમારી પીઠ છે, આવક તમારું રૂદે છે.. ખજાનો તમારૂ પેટ છે. લાલચ તમારી ભૂખ છે.. ખેતાબ :ટાઇટલ: તમારો પ્રસાદ છે. માટે હે વિરાટરૂપ ! (અંગરેજ) અમે તમને પ્રણામ કરીએ છીએ." પુસ્તિકાને અંતે ફળલાભ આપ્યો છે: "વિદ્યાર્થી લભતે વિદ્યાં, ધનાર્થી લભતે ધનમ્.. સ્ટારાર્થી લભતે સ્ટારમ્ ..ભવપાશ વિનિર્મુક્તઃ અંગરેજલોકં સ ગચ્છતિ."

રાષ્ટ્રીય અસ્મિતાનાં ગુજરાતી સાહિત્યમાં વિવિધ પ્રકારનાં આવિષ્કરણો થયાં છે, એમાં માર્મિક હાસ્ય દ્વારા પ્રગટેલું આ એક વિશિષ્ટ આવિષ્કરણ ગણી શકાય.

<u>પ્રકરણ પરિશિષ્ટ - ૨</u>

૧૯મી સદીના આપણા લેખકો, પત્રકારો, આગેવાનો વ. અંગ્રેજ અમલને ઇશ્વરીસંકેતરૂપ સમજતા હતા, હિન્દ-ઈંગ્લાંડ-શુભસંયોગપક્ષના જ એ ટેકેદારો હતા, એવો સામાન્યરીતે પ્રચલિત મત, એ જમાનાના કેટલાક આગેવાનોના-ખાસ કરીને પત્રકારોના અભિપ્રાયોને જ્યારે લક્ષમાં લઇએ છીએ ત્યારે, સાચો નથી જણાતો. એ જમાનામાં એવા પણ કેટલાક આગેવાનો હતા જે અંગ્રેજ અમલને દેશ ઉપરની ભારે આપત્તિ સમજતા હતા. અંગ્રેજ અમલ વિશેની જે વાત એમને ૧૯મી સદીમાં સમજાઇ ચૂકી હતી તથા જે વાત હિમત અને દીર્ઘદૃષ્ટિપૂર્વક એમણે રજૂ કરી હતી, તે ૨૦મી સદીમાં પણ કેટલાક રૂઢિચૂસ્ત દેશસેવકોને નહોતી સમજાઇ. અલબત્ત, આમાં માનસભેદને પણ કારણરૂપે જોઇ શકાય. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે એમના જમાનાથી એ વિચારકો ઘણા આગળ હતા તથા રૂઢિચુસ્તો કરતાં એમની રાજકારણની પરખ વધુ સાચી હતી.

સૂરતના ગુજરાતી તથા અંગ્રેજીમાં નીકળતા સ્વનામધન્ય સામયિક "સ્વતંત્રતા" નું (માર્ચ,૧૮૭૮ ના અંકનું) લખાણ આ સંદર્ભમાં નોંધવા જેવું છે. "અમને રાજકીય સ્વતંત્રતા આપો.. તમારાથી :અંગ્રેજોના રાજ્યથકી: ગમે તેવા ઊંચા સુખ ભોગવીએ ...ગમે તેવા નિરભય રહીયે તો પણ તમે પ્રદેશી ! ને તમે ઊંચા સુખ ભોગવી અમને દબાવતા અને દબાવતા રહો છો, તે અમારાથી

સહન થાય? અમે પણ શૂરવીર છીએ ! જે હક તમે ભોગવો તે હક ભોગવવાને અમને પણ ઇશ્વરે કેમ ન સરજેલા હોય? માટે રાજકીય સ્વતંત્રતા માગવાનો અમારો હક છે અને રાજકીય સ્વતંત્રતા ઉપભોગ કરવાને અમે પૂરેપૂરા લાયક છીએ." [૧૦] એ જ અંકમાં "દેશી છાપાની કતલ" એવા શીર્ષક નીચે લખવામાં આવ્યું છે: "વગર કારણે આ એક નવો ફૂકવો ઊભો થયો છે ! હમે સમજીએ છીએ કે દેશી છાપાની કંઇ પણ કારણ વિના કતલ થઇ છે. જે કારણ સરકારથી બતાવવામાં આવ્યા છે તે બિલકુલ નજીવાં, અસંતુષ્ટ અને કંઇ પણ આંચકા સિવાય મુકદ્દલ કહી શકીએ તેવાં છે." [૧૦-અ]

ભારતમાંના કેટલાક અંગ્રેજ રાજ્યકર્તાઓ સામે ગુજરાતી તથા અંગ્રેજીમાં નીકળતા એક કાળના પ્રસિધ્ધ પત્ર "ગુજરાતી" :તંત્રી: ઇ. સૂ. દેસાઇ: ના સપ્ટે. ૧૮૮૧ ના અંકમાં કરાયેલી કડક ટીકા વાંચવી રસપ્રદ થઇ પડે તેમ છે. " ..It (India) pays directly 20 crores of rupees annually to England, in return of which England sends out imperialistic rulers, some of them sons of sweepers, others of growers of potatoes and others of labourers, who forgetting their own descent, trample upon great Rajas.." [11]

૨૨ મી જૂન ૧૮૮૩ ના એક અંકમાં એ જ પત્રમાં ભારતદેશ નિર્ભયતાથી અને સ્વતંત્રતાની ધગશથી રણકતાં વાક્યોમાં બ્રિટનને સંબોધન કરે છે:
"We owe you no political debt, and if we do, better take it and clear off. But as among men, there must be independence, equality and friendship". 12.

ઇચ્છારામ દેસાઇનાં લખાણોમાં અભયને વરેલા એક દીર્ઘદૃષ્ટા રાજકરણી નેતાની છટા દેખાય છે. "હિંદ અને બ્રિટાનિયા" :પ્ર. આ. ૧૮૮૫: માં પ્રગટ થયેલા એમના ઉદ્દામવાદી રાજકીય વિચારો ઉપર :મૂળ એક વિદેશી ગૃહસ્થ: મીરઝા મુરાદઅલી બેગના અપૂર્ણ રહેલા પુસ્તક On the Mountain Top or The Reconciliation of Hind and Britain -- -- -- -- -- -ની અસર હોય તે સંભવિત છે. એ અપૂર્ણ રહેલું પુસ્તક મુરાદઅલીએ ઇચ્છારામને સોંપી દીધું હતું.

પ્રકરણ પરિશિષ્ટ - ૩

ભકતશાયર બંસીલાલે :ઇ.સ.૧૭૬૫-૧૮૨૧: શિવાજીની સૂરતની લૂંટ વિશે, સૂરત શહેર વિશે તથા ભારતભૂમિ વિશે કેટલીક લાવણીઓ રચી છે. ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં તથા ૧૯મી સદીના પહેલા બે દસકાઓ દરમિયાન દેશ વિશે આધુનિક તથા ઉદ્દામ કહી શકીએ એવા મનોભાવો બંસીલાલ વ્યકત કરી શકયા એ આશ્ચર્યજનક બીના લાગે છે. :શિવાજી વિશેની એમની લાવણીનો ઉલ્લેખ પ્ર.૬ માં કર્યો છે:. એ કાળ માટે વિરલ કહી શકાય એવી અખિલભારતીય દૃષ્ટિ વ્યકત કરીને કવિએ ભારતનો યશ ગાયો છે:

"રત્નગર્ભા ભૂમિ ભારતની, પાક્યા પુરુષ બહુ અવતારી,
નવખંડ ગાજે, ભૂતળ પર ભારતનો ડંકો ભારી:"

:"રાણા ભકતો"પૃ.૮૯:[13]

તથા

"સ્વર્ગલોકથી અધિક લાગે પ્યારી, જનની જન્મભૂમિ મુજ માત,
ધન્ય ધન્ય ભારતની ભૂમિ, વંદન કરું સાક્ષાત."

: એ જ, પૃ.૯૧:

કુમળી વયમાં બંસીલાલ પાસેથી કાવ્યસંસ્કારો પ્રાપ્ત કરનાર ભકત-શાયર હરિલાલે :જન્મ ઇ.સ.૧૮૦૭- મૃત્યુની સાલ મળતી નથી: "૧૮૫૭ના બળવાના સમયનું સૂરત" એ વિશે એક લાવણી રચી છે, જેની નોંધ "રાણા ભકતો" ભા.૧ :પૃ.૧૦૦-૧૦૫: માં તથા ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇના ગ્રંથ "સૂરત સોનાની મૂરત" :પરિશિષ્ટ વિભાગ, પૃ.૨૭-૨૯: માં લેવાઇ છે. હરિલાલને ૧૮૫૭ ના બળવાની વાતો ફેલાવવા માટે ત્રણ વર્ષની કેદની સજા થઇ હતી, એવું પણ એમની કૃતિમાં ઉલ્લેખાયું છે. એ કૃતિ :રચનાસાલ-૧૮૬૩:-ની કેટલીક પંકિતઓ આ પ્રમાણે છે:

"અઢારસો સતાવન મહાભેકારી લાગી જોને બળવા કેરી લ્હાય,
સૂરત શહેર શું કરે બિચારું હિંદ કરે હાય હાય.. :ટેક:
પરદેશી ગોરાઓ આવ્યા સૂરત મોજારે, પાજીઓ કરવાને વેપાર,
કાવાદાવા પ્રપંચ કરીને પાસા કર્યા પોબાર,
.... ....

પરદેશી ગોરાઓ હિંદ પચાવી બેઠા, હિંદીના હૈયે ઉઠી આગ,
દિલ્હીપતિ બહાદુરશાહ ઝફરે માંડયો અખંડિત યાગ.

...                ...                ...

હાક વાગી સૌ હિંદી જાગ્યા, ધોવા દેશનો ડાઘ.
જંગે ચઢી ઝાંસીની રાણી મરદાની, હિંદવાણી કૂદી પડી મેદાન,
કંઇક ગોરા કર્નલનાં એણે કીધાં રુધિરપાન.
રણચંડી ઝૂઝે ભારતની નારી, ગોરાનું ઉતાર્યું અભિમાન."

ઉત્તર ભારતમાં બળવાના પ્રસંગે બનેલી ઘટનાઓનો તથા ગોરા લશ્કરના પ્રજા ઉપરના જુલમોનો ચિતાર હરિલાલે આપ્યો છે. સૂરતની સ્થિતિ આ રીતે વર્ણવાઇ છે:

"આવ્યું ગોરૂં લશ્કર શહેર મોઝારે, મસ્તાના મચાવતા ધમસાણ,
માલ પરાયો સમજી પોતાનો, લૂટી લેતા હેવાન,
રસ્તે ઘાટે કોંઇ ફરતી સુંદર નારી
પાજીઓ જોઇને પોંચાં કરડે તે વારી
હવસના કૂતરાઓ કહેવાય."

આ પછી કર્તાએ સોલ્જરોની વિષયવાસનાનો ભોગ બનેલી સ્ત્રીઓનાં દુઃખનું વર્ણન કર્યું છે. ૧૮૫૭ વિશે શાયર હરિલાલે રચ્યું છે એવું એક પણ કાવ્ય ૧૯મી સદીની ગુજરાતી કવિતામાં જોવા મળતું નથી. એમાં દેખાતો હિંદીપણાનો ભાવ, પરદેશી શાસનને ભારત ઉપરના લાંછન તરીકે જોવાની દૃષ્ટિ, ભારતીય નારીત્વનું ગૌરવ કરવાની વૃત્તિ તથા અંગ્રેજો પ્રત્યેનો સ્પષ્ટ શબ્દોમાં :પાજીઓ, હવસના કૂતરા વ ઇ.: રજૂ થયેલો તીવ્રતિરસ્કાર-ભાવ, તત્કાલીન કવિતાની રૂખને લક્ષમાં લેતાં, ખૂબ આશ્ચર્યપ્રેરક લાગે છે.

પ્રસ્તુત વિષયમાં હજૂ વધુ સંશોધનને અવકાશ જણાય છે. [૧૪]

---


સંદર્ભ તથા પાદનોંધ

૧. "સૂરત સોનાની મૂરત" માં અવતરિત, પૃ. ૨૦૮, ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇ.

૨. "નવલગ્રંથાવલિ" ભા. ૨, પૃ. ૨૧૮, નવલરામ લ. પંડયા.

૩. એ જ, પૃ. ૨૧૮, ૩અ એ જ.

૪. "સોશ્યલ બેકગ્રાઉન્ડ ઓફ ઇન્ડિયન નેશનાલીઝમ"માં અવતરિત, પૃ. ૩૦૬, ડો. એ. આર. દેસાઇ.

૫. "નવલગ્રંથાવલિ" ભા. ૨, પૃ. ૨૩૧-૨૩૨.

૬. "સ્વદેશાભિમાન" :૧૮૮૩: નામે ગ્રંથમાં પુરુષોત્તમ ગાંધીએ પ્રસ્તાવનામાં ટાંકેલો એક વિદેશીનો મત અહીં ધ્યાનમાં લેવા જેવો છે: "હિંદુસ્તાનના લોક પોતાના દેશની રાજનીતિ બાબતમાં જેટલા બેફીકરા છે, તેવા લોક બીજા કોઇ નથી. ઈંગ્રેજ રાજ્ય કરે છે કે મુસલમાન, મરાઠા કે શીખ, તેની તેઓ કાંઇ દરકાર રાખતા નથી."

૭. નવલરામ પંડ્યાએ પણ આવો વિચાર દર્શાવેલ છે: "દેશી કારીગરીને તાજી કરવાના બે જ રસ્તા છે. પહેલો અને મુખ્ય તો એ કે આપણે યુરોપના હુન્નર શીખવા અને દાખલ કરવા. બીજો એ કે બને ત્યાંસુધી પરદેશી માલ નહિ લેવો." -"નવલગ્રંથાવલિ", <u>તારણ</u>, પૃ. ૪૩૦

૮. "આપણા સાક્ષરરત્નો" ભા. ૧, પૃ. ૧૮૬, કવિશ્રી ન્હાનાલાલ.

૯. "નવલગ્રંથાવલિ" ભા. ૨, પૃ. ૨૯૧.

૧૦. "ધ સોર્સ મટીરીઅલ ફોર અ હિસ્ટ્રી ઓફ ધ ફ્રીડમ મૂવમેન્ટ ઇન ઇન્ડિયા" વો. ૧, પૃ. ૩૭૦-૩૭૧, ૧૦અ, એ જ પૃ. ૩૭૧.

૧૧. એ જ, પૃ. ૩૭૭.

૧૨. એ જ, પૃ. ૩૮૦.

૧૩. "રાણાભકતો", ભા. ૧, પૃ. ૮૯, માણેકલાલ શકરલાલ રાણા.

૧૪. "રાણાભકતો"- ૧ ના લેખકે પ્રસ્તુત ગ્રંથના લેખનવેળાએ સૂરતના દાંડી-વલ્લાના સંતધામમાં સચવાયેલાં શાયર બંસીલાલ તથા શાયર હરિલાલ-નાં લખાણોનો ઉપયોગ કર્યો છે. "સૂરત સોનાની મૂરત" માં આ વિષયનું નિરૂપણ કરતી વેળાએ શ્રી. ઇશ્વરલાલ દેસાઇએ "રાણાભકતો"ના લેખક પાસે રહેલી સામગ્રીનો આધાર લીધો છે. "રાણાભકતો"ના લેખક ઓછું ભણેલા એક શ્રમજીવી છે, એવી માહિતી આ લખનારને શ્રી. ઇશ્વરલાલ દેસાઇ પાસેથી મળી છે, તા. ૧૩-૮-૧૯૬૪ના એમના પત્ર દ્વારા.